ગુજરાત ક્રિશ્ચિયન વેલફેર એસો.ના ઉપક્રમે ગાંધીનગરની ખ્રિસ્તી મંડળીઓનું સામૂહિક ધ્વજવંદન યોજાયો

શ્રીમતી રોજીલીન મેકવાનના હસ્તે કોમી એકતા સંદેશાના ફુગ્ગાઓ છોડાયાં : ખ્રિસ્તી યુવાનોએ પણ માફકસર મીઠાની જેમ ઓગળી જઈ સમાજને મજબુત બનાવવા કટીબદ્ધ થવુ પડશે : વિક્ટર મેકવાન

કોઈપણ સમાજની એકતા અને વિકાસમાં યુવાનોનો ફાળો મહત્તમ હોય છે, ત્યારે ખ્રિસ્તી સમાજના યુવાનોએ પણ મીઠા (સોલ્ટ)ની જેમ "નહી ઓછાં કે નહીં વધુ" પરંતુ માફકસર માત્રામાં ઓગળી જઈને સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વનું યોગદાન પ્રદાન કરે તેવું આહ્વાન આઈ.એ.એસ.અધિકારીશ્રી વિક્ટર મેકવાને કર્યુ હતું.

સમગ્ર રાજયમાં વિવિધ ધર્મ અને સંપ્રદાયના લોકો એક સંગઠન રચી પોતાના સમાજના તમામ સ્તરના લોકોને મદદરૂપ થવાની ભૂમિકા ભજવી રહ્યાં છે. વર્તમાન સમયમાં એકતાની તાતી જરૂરિયાત હોઈ રાજયનાં ખ્રિસ્તી સમાજે પણ આ દિશામાં કદમ ઉપાડી "ગુજરાત ક્રિશ્ચિયન વેલફેર એસોસિએશન"ની રચના કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આજરોજ દેશના ૬૭માં સ્વાતંત્ર્યદિન પર્વની ઉજવણી અંતર્ગત ગુજરાત ક્રિશ્ચિયન વેલફેર એસોસિએશનના નેજા હેઠળ સી.એન.આઈ. ચર્ચ, સેક્ટર નં. ૨૦ ખાતે ગાંધીનગરની તમામ ખ્રિસ્તી મંડળીઓનો સામૂહિક ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખ્રિસ્તી સમાજનાં આઈ.એ.એસ. અધિકારી અને આઈ.સી.ડી.એસ.ના ડાયરેક્ટરશ્રી વિક્ટર મેકવાને ખાસ હાજરી આપી દેશના તિરંગા રાષ્ટ્રધ્વજનો ફરકાવી સામુહિક ધ્વજવંદના કરાવ્યું હતું.

શ્રી વિક્ટર મેકવાને પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે કોઈપણ દેશ કે રાજયના પ્રાયના વિકાસમાં જુદાં જુદાં ધર્મો - સંપ્રદાયોના લોકો વચ્ચે એકતા હોવી અત્યંત જરૂરી છે, ત્યારે ખ્રિસ્તી સમાજ ભલે સંખ્યાની દૃષ્ટિએ નાનો હોય પરંતુ આ સમાજના ધર્મગુરુઓના ધાર્મિક કાર્યો સાથે યુવાનો, મહિલાઓ પણ સમાજના તમામ સ્તરના લોકોની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે આ પ્રકારના સંગઠનમાં જોડાઈને સામૂહિકપણે એક મન-ચિત્તથી કાર્યરત થશે તો ચોક્કસ ખ્રિસ્તી સમાજ પણ દેશ અને રાજયના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી શકશે. શ્રી વિક્ટરે સમાજના યુવાનોની શક્તિઓને મીઠા (સોલ્ટ) સાથે સરખાવીને જેમ "મીઠુ વધારે કે ઓછું" હોય તો તુર્તજ તેની જાણ થઈ જતી હોય છે, તેવી જ રીતે સંખ્યામાં ઓછાં હોય છતાં પણ માફકસર મીઠાની જેમ યુવાનો સમાજના ઉત્થાન માટે આગળ આવે તેવો અનુરોધ કર્યો હતો.

ગુજરાત ક્રિશ્ચિયન વેલફેર એસોશિએશનના કન્વિનરશ્રી સેમ્યુલ ક્રિશ્ચિયને એક યાદીમાં જણાવ્યુ હતું કે, આજના સ્વાતંત્ર્ય પર્વની સામૂહિક ઉજવણીમાં ગાંધીનગરની તમામ ખ્રિસ્તી મંડળીઓના લોકો ઉમળકાભેર જોડાયા હતા. ધ્વજવંદન પૂર્વે સી.એન.આઈ. ચર્ચના અગ્રણીશ્રી બોમી મેકવાને આત્મિક અને રાષ્ટ્રભક્તિના મધુર ગીતો દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. તમામ મંડળીઓનાં ધર્મગુરુઓ તેમજ મંડળીઓના અગ્રણી ભાઈ-બહેનો, યુવાનો અને બાળકો મોટી સખ્યામાં જોડાયા હતાં. અંતે શ્રીમતી રોઝીલીન વિક્ટર મેકવાનના હસ્તે શાંતિ અને એકતાનો સંદેશો આપતા ફુગ્ગાઓનો ગુચ્છો ઉડાડવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સર્વશ્રીઓ શ્રી નિમ્રોદ પરમાર, જોવીયલ ભાઈ, હિંમતભાઈ મેકવાન, શ્રી સંજયભાઈ, શ્રી કેન્ઝીભાઈ, શ્રીમતી માયાબેન પરમાર, શ્રીમતી સુષ્માબેન ઝેવિયર, વગેરેએ ખુબ જ મહેનત કરી હતી.

જિલ્લાના વડા મથક હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આન-બાન અને શાનથી સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. -ંત અધિકારી રીકેશ પટેલે રાષ્ટ્રભધ્વજ ફરકાવીને તિરંગાને સલામી અર્પી હતી. ધ્વજ વંદન બાદ -સંગિક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, જીવના જોખમે દેશનની રક્ષા કરતા વીરજવાનો , મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ અને આંબેડકર સહિતના વિર પુરૂષોની શહાદત બાલ દેશ આઝાદ થયો છે એવી આ મહામૂલી આઝાદીને ટકાવી રાખવી એ આપણા સૌની નૈતિક ફરજ છે તેમ જણાવ્યુ હતું આ -સંગે મામલતદાર અરવિંભાઈ પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. (તસ્વીર : મગન વણઝાર હિંમતનગર)

મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવા બિહાર ભાજપ દ્વારા ઠરાવ કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને દેશના વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાની માંગણી ભાજપમાંથી બુલંદ થવા પામી છે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને લોકપ્રિયતાને ધ્યાને રાખીને ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય નેતાગીરીએ આગામી લોકસભા ચૂંટણી માટે નરેન્દ્ર મોદીને સ્ટાર પ્રચારક તરીકે પસંદ કરીને ભાજપની રાષ્ટ્રીય પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

નરેન્દ્ર મોદીને ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા બાદ તેમને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની મુહીમ ભાજપમાંથી તેમના સમર્થકો દ્વારા શરૂ થતાં એન્ટી મોદી લોબીમાં સોંપો પડી જવા પામ્યો છે.

બિહાર ભાજપની આજે મળેલી કારોબારીમાં નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની માંગણી કરતો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. અને આ ઠરાવ ભાજપની રાષ્ટ્રીય સંસદીય બોર્ડને મોકલી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બિહાર ભાજપ દ્વારા આજે ઠરાવ કરીને નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવા શરૂ કરેલી મુહીમ આગામી દિવસો વધુ વેગ પકડે અને અન્ય રાજ્યોમાંથી પણ પ્રદેશ ભાજપ દ્વારા આ માંગણીને ટેકો આપીને જોરશોરથી માંગણી બુલંદ બનાવીને ભાજપની રાષ્ટ્રીય નેતાગીરી ઉપર દબાણ વધારવામાં આવે તેવું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસના દિલ્હી પ્રવાસે ગયા છે. આજે તેઓ દિલ્હીમાં ભાજપ મીડીયા સેલની મળેલી બેઠકમાં માર્ગદર્શન આપનાર છે અને આવતીકાલે મળનારી ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં પણ ઉપસ્થિત રહેનાર છે.

આ સમયે જ બિહાર ભાજપ દ્વારા એક ઠરાવ કરીને નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાની કરેલી માંગણીને લઈને એન.ડી.એ.ના ઘટક પક્ષોમાં ઉત્તેજના સાથે રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. જો કે પ્રદેશ ભાજપની આ માંગણી હોઈ અને ભાજે હજુ આ નિર્ણય લીધો ન હોઈ એન.ડી.એ.ના સાથી પક્ષોએ આ મુદ્દે હજુ કોઈ પણ પ્રતિક્રિયાઓ આપી નથી.

નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાને ધ્યાને રાખીને દેશના વિવિધ રાજ્યમાંથી ભાજપના પ્રદેશ નેતાઓ અને મોદી સમર્થકોમાંથી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવા માટે ભાજપની રાષ્ટ્રીય નેતાગીરી ઉપર દબાણ વધારવા માટેની મુહીમ શરૂ થવા પામી છે જેની પહેલ બિહાર ભાજપે શરૂ કરી છે.

(તસવીર : દિપક જાની)

સીનીયર સીટીઝન કાઉન્સીલ, સહયોગ મંડળ, ગાંધીનગર અને સરકારી કોમર્સ કોલેજના સંયુક્ત સહયોગથી સ્વ. પ્રો. જે. કે. કાપડીયાના સ્મરણાર્થે રક્તદાન કેમ્પનું આયોજન સેક્ટર-૧૫ની કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૨૫ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. ૧૫૧ જેટલા વિદ્યાર્થીઓનું થેલેસેમીયાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આજે ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ભારત વિકાસ પરિષદ ગાંધીનગરના પ્રમુખ હેમંતભાઈ સુથારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આજે ૧૮મી ઓગસ્ટ ૨૦૧૩ને રવિવારે સવારે ૯ થી ૧૨.૩૦ કલાક દરમિયાન ટાઉનહોલ, સે-૧૭ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગીતા યોજાશે.

ગાંધીનગરની વિવિધ શાળાઓની દેશભક્તિ તેમજ રાષ્ટ્ર આરાધનાના ગીતોની સ્પર્ધા રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગીતા આજે યોજાશે. ભારત વિકાસ પરિષદ ગાંધીનગર આ સ્પર્ધા છેલ્લા ૧૭ વર્ષથી યોજે છે. 'ચેતના કે સ્વર' પુસ્તિકામાંથી પસંદ કરેલ સ્વરબદ્ધ કરેલા ગીતો જુસ્સા તેમજ હૃદયમાં દેશભક્તિ ભરીને બાળકો રજૂ કરશે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સ્પર્ધા પહેલા વિદ્યાર્થીઓ માટે 'પર્યાવરણને હાની પહોંચાડયા વગર તહેવારોની ઉજવણી કઈ રીતે થઈ શકે' તે વિષયે સ્પર્ધા યોજાશે. વિજેતાઓને કાર્યક્રમ દરમિયાન ઈનામથી સન્માનિત કરવામાં આવશે. ગાંધીનગરના વિદ્યાર્થીઓ શિક્ષકો, વાલીઓ, આચાર્યો, સંચાલકો, નગરજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

રોહન ગુપ્તાને તમામ રાજ્યોની આઈટીની જવાબદારી સોંપાઈ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આઈટી સેલના ચેરમેન રોહન ગુપ્તાને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિ દ્વારા સમગ્ર દેશમાં તમામ રાજ્યોમાં આઈટી સેલની રચનાની જવાબદારી સોંપવામાં આવે છે. તે બદલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ધન્યવાદ પાઠવે છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા દ્વારા ૨૦૧૧માં દેશમાં સર્વપ્રથમવાર આઈટી સેલની રચના સ્પેશિયલ મીડિયાના પ્રચાર અર્થે રોહન ગુપ્તાના નેતૃત્વમાં કરવામાં આવેલ હતી. આઈટી સેલ દ્વારા સમગ્ર રાજ્યના તમામ જીલ્લાઓમાં આઈટી સેલની રચના કરવામાં આવી હતી. આઈટી સેલ દ્વારા ૨૦૧૨ ગુજરાત વિધાનસભા ચૂંટણીમં ખુબ જ અસરકારક કામગીરી કરવામાં આવી હતી.

આજે વી ઈલેવન પરિવાર તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૧૭

અગિયાર ગોળ વણકર સમાજ વી ઈલેવન પરિવાર દ્વારા આજે ૧૮મી ઓગસ્ટ ૨૦૧૩ને બપોરે ૩ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે તેજસ્વી તારલાઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ યોજાશે.

ગુજરાત રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબીનેટ મંત્રી રમણલાલ વોરા, મુખ્ય મહેમાન પદે અગિયાર ગોળ વણકર સમાજના અગ્રણી આગેવાન વીરમાયા સ્મારક સમિતિ, વણકર સમાજના પ્રમુખ અને ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડા, મણીભાઈ વાઘેલા ધારાસભ્ય વડેગામ તેમજ અતિથિ વિશેષ તરીકે ચંદ્રકાન્ત જાદવ, સોમચંદ પરમાર, એન.પી. પરમાર, સી.એ. સુતરીયા, કે.એ. પરમાર ખાસ ઉપસ્થિત રહેશે. સમાજના સભ્યોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

શબ્દાવલી - ૫૧૫૨



આડી ચાવી

૧. કેટલા બધા પ્રયત્નો પછી પણ ... ને માન્યા (૩)
૩. વાસનાગ્રસ્ત (૪)
૬. ધૂળના કણ (૨)
૭. ખેતીમાં... નાખવાથી ફળદ્રુપતા વધે (૩)
૮. કજિયો, અણબનાવ (૪)
૯. પ્રપંચ (૩)
૧૦. દેહ, શરીર (૨)
૧૧. ફૂલમાંથી રજ (૫)
૧૪. મકાન તૂટ્યા પછીનો ભંગાર (૪)
૧૭. માથાકુટ, ઉપાધિ (૪)
૧૯. દાખલો, આપવો (૫)
૨૦. પરૂ, રસી (૨)

ઊભી ચાવી

૧. પોલીસ ગુનેગારને પકડવા માટે... નું વોરંટ કઢાવે (૫)
૨. હકુમત, સત્તા (૨)
૩. આંબલીનું ફળ (૩)
૪. હરીનો... છે શૂરાનો... (૩)
૫. ... મહિનો એટલે રોજાનો મહિનો (૪)
૭. હિંચકો (૨)
૮. કાવાદાવા, ... કરવી (૪)
૧૦. સુગંધી - સ્વાદિષ્ટ લાકડુ (૨)
૧૨. કામવાળા, અત્યારે રાજરાજય નહિ પણ... રાજ ચાલે છે (૨)
૧૩. ડાયાબીટીશના દર્દીએ... ઓછું ખાવું (૪)
૧૫. ઘરેણા (૩)
૧૬. કિલોમીટર (૨)
૧૮. ભગવાનના નામનું રટણ કરવું (૨)

શબ્દાવલી ૫૧૫૧ના જવાબ

આડી ચાવી :- (૧) સમતુલા (૪) દમામ (૬) લારી (૭) વાહિયાત (૮) મઝધાર (૧૦) મધ (૧૨) રાસલીલા (૧૩) સવા (૧૪) સતી (૧૬) હિલચાલ (૧૮) માઈક (૨૦) ધાપ (૨૧) મજા (૨૨) આલીશાન

ઊભી ચાવી :- (૧) સલામત (૨) મરીઝ (૩) લાવારસ (૪) દયા (૫) માતમ (૯) ધારાવાહિક (૧૧) ધરતીકંપ (૧૫) તમામ (૧૭) ચારોલી (૧૯) ઈજા (૨૦) ધાન

કંપની સમાચાર

વર્ષ ૨૦૧૨માં કેરળ ટુરિઝમની આવક રૂા. ૨૧,૦૦૦ કરોડની સપાટીને પાર કરી ગઈ

વર્ષ ૨૦૧૨માં કેરળમાં ૭.૯૪ લાખ વિદેશી પ્રવાસીઓનું આગમન થયું હતું, જેની તુલનાએ વર્ષ ૨૦૧૧માં આ આંકડો ૭.૩૩ લાખનો હતો. વર્ષ ૨૦૧૧ના ૯૩.૮૮ લાખ સ્થાનિક પ્રવાસીઓની સંખ્યાની તુલનાએ, વર્ષ ૨૦૧૨માં ૧.૦૧ કરોડ સ્થાનિક પ્રવાસીઓએ કેરળની મુલાકાત લીધી હતી. વિદેશી હુંડિયામળની કમાણી વર્ષ ૨૦૧૧ના રૂા. ૪,૨૧૧.૯૯ કરોડથી વધીને વર્ષ ૨૦૧૨માં રૂા. ૪,૫૪૮ કરોડ થઈ ગઈ હતી. વર્ષ ૨૦૧૨માં પ્રવાસનમાંથી થતી પ્રત્યક્ષ અને પરોક્ષ આવક કુલ રૂા. ૨૧,૧૨૫ કરોડની સપાટીને સ્પર્શી ગઈ હતી, જેની તુલનાએ વર્ષ ૨૦૧૧માં આ આંકડો રૂા. ૧૯,૦૩૭ કરોડનો હતો. પાછલા વર્ષે એક આંતરરાષ્ટ્રીય સ્થળ તરીકે કેરળનો વિકાસ યથાવત્ રહ્યો હતો. વિશ્વના પ્રવાસનના નકશા પર કેરળે પ્રવાસનના તમામ ક્ષેત્રોમાં અદ્ભુત પ્રગતિ સાધીને પોતાનું સ્થાન મજબૂત કર્યું હતું. ડિજિટલ ક્રાંતિની શક્તિનો લાભ લઈને, કેરળ રાજયએ ફેસબુક અને ટિવટર. જેવી સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ ઉપર અત્યંત સારી રીતે પોતાની છબી ઉપસાવી હતી. ચાલુ વર્ષે ગૂગલના ભારત માટેના સર્ચ ટ્રેન્ડ્સમાં કેરળ પ્રથમ ક્રમના પ્રવાસન સ્થળ તરીકે ઊભર્યું છે. વિશ્વભરના સર્ચ ટ્રેન્ડસ દર્શાવતી ગૂગલની ઝેટજિસ્ટ સાઈટ પર ભારતના ટોચના ૧૦ સ્થળની યાદીમાં કેરળના મન્નારને પણ સ્થાન મળેલું છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઈમ્પ્લોઈઝ યુનિયન- અમદાવાદ સર્કલની ૧૧મી ત્રિવાર્ષિક જનરલ કોન્ફરન્સ યોજાશે

દેશની સૌથી મોટી સરકારી બેંક એવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સમગ્ર દેશમાં ફેલાયેલા વિવિધ રાજયવાર કર્મચારી સંઘ એટલે કે ઈમ્પ્લોઈઝ યુનિયનમાંના મહત્ત્વના એવા ગુજરાતના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઈમ્પ્લોઈઝ યુનિયન અમદાવાદ સર્કલ દ્વારા ૧૧મી ત્રિવાર્ષિક કોન્ફરન્સ યોજવા જઈ રહી છે. ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ રવિવારે અમદાવાદ જીએમડીસી હોલ ખાતે યોજાનારી આ કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સના કન્વીનર તથા નેશનલ કોન્ફડરેશન ઓફ બેંક ઈમ્પ્લોઈઝ તથા ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશનના જનરલ સેક્રેટરી શ્રીમાન એમ.વી. મુરલી ખાસ હાજર રહીને આ કોન્ફરન્સનું વિધિવત ઉદ્ઘાટન કરશે અને યુનિયનને સંબોધશે. આ પ્રસંગે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઈમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરી અજય બદાણીએ જણાવ્યું હતું કે આ વર્ષે અમદાવાદમાં યોજાઈ રહેલી અમારી ૧૧મી ત્રિવાર્ષિક જનરલ કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે દેશના બેકિંગ યુનિયનમાં સર્વોચ્ચ પદે બિરાજમાન કોમરેડ એમ.વી. મુરલીની ઉપસ્થિતિ અમારા માટે ગર્વની અને ખુશીની વાત છે. ગત ૧૦મી ત્રિવાર્ષિક જનરલ કોન્ફરન્સની સફળતા બાદ અમારી આ જનરલ કોન્ફરન્સને પણ સફળ બનાવવાના પ્રયાસો સાથે અમે એસબીઆઈના દેશમાં આવેલા વિવિધ સ્ટેટ યુનિયન્સના પદાધિકારીઓ અને સભ્યોને આવકારીએ છીએ. અમને વિશ્વાસ છે કે અમારી આ ૧૧મી ત્રિવાર્ષિક જનરલ કોન્ફરન્સ પણ સફળ રહેશે અને જેનાથી બેકિંગ ઈન્ડસ્ટ્રી તથા ઈમ્પ્લોઈઝ યુનિયનના વિકાસમાં અમે યોગદાન આપી શકીશું.

સેકટર-૨૩ બ્રહ્મસમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા તા. ૧૮ ઓગષ્ટ રવિવારના રોજ આંબેડકર ભવન ખાતે સવારે ૮ કલાકે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ અંગે સમાજના પ્રમુખ મુકેશ શુકલએ જણાવ્યું હતું કે તેજસ્વી તારલાઓને મહાનુભાવો દ્વારા સન્માનવા ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તો આ કાર્યક્રમમાં સેકટર-૨૩ ના બ્રહ્મબંધુઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સાવન ભાદોના હિંડોળા યોજાશે

સેકટર-૭-એ સ્થિત શ્રી રણછોડજી મહારાજના મંદિરે આગામી તારીખ ૧૯ ઓગષ્ટને સોમવારના રોજ સાવન ભાદો હિંડોળાના દર્શનનો અનેરો લાહવો લેવા જણાવવામાં આવે છે. જેનો સમય સાંજે ૫.૩૦ થી રાત્રેના ૮ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. જેનો સર્વે ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવવી.

સફાઈનો મામલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુદ્દે ગ્રામ્ય વિસ્તારને અન્યાય થતો હોવાની પોતાની વાત દોહરાવી તંત્ર નિષ્ફળ રહ્યુ હોવાની કોંગ્રેસે ચોમેરેથી મારો ચલાવ્યો હતો.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ કોંગ્રેસના સભ્યોના રોષને પારખી જઈ જણાવ્યું હતું કે સફાઈનું અભિયાન સૌના માટે છે. જ્યાં પણ સેનેટરી ઈન્સ્પેક્ટર બરાબર કામ કરતા ન જણાય તો તેમના ધ્યાને તે વાત મુકજો કામ નહિ કરનાર કર્મચારી સામે સખ્ત હાથે કામ લેવામાં આવશે. સ્ટેન્ડીગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે તો આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે ડમ્પીંગ સાઈટ પરની કોર્પો.ની ઓફિસને સતત તાળુ જ લટકતુ હોય છે એટલે દાળમાં કંઈક કાળુ છે તપાસ કરાવો.

શ્રી હસમુખ મકવાણાએ જણાવ્યું હતું કે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારો ઈન્દ્રોડા-ધોળાકુવામાં કન્ટેઈનરો ભરાઈ ગયા છે. કોઈ ઉપાડતુ નથી અને કચરો હવે બહાર ફેંકાય છે અને ગંદકી એટલી તીવ્ર બની છે કે આ વિસ્તારોમાં હવે રોગચાળાનો ભય ઉભો થયો છે. તંત્ર શું કામગીરી કરે છે તે સમજાતુ જ નથી. શ્રી પ્રવિણ પટેલે ગાંધીનગરમાં રખડતા પશુઓનો મુદ્દો રજુ કરી શહેરમાં વધતી જતી ગંદકી અને મુખ્ય માર્ગો પરની ગંકદી સામે પણ રોષ વ્યક્ત કર્યો હતો.

શ્રી જીતુ રાયકાએ પણ આરોગ્ય તંત્ર દ્વારા જનજાગૃતિના પગલાં તાકીદે ભરાય તેવી ઉગ્ર માંગ કરી મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોપર તંત્ર ત્રાટકે તેમ જણાવ્યું હતું. શ્રીમતિ ગીતા બા વાઘેલાએ જનજાગૃતિના પોષ્ટર્સ સત્વરે લગાવવામાં આવે અને સેક્ટરોની આંતરિક સફાઈને સઘન બનાવવા માંગ કરી હતી.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતુ કે ચોમાસાને લઈ પાલજમાં પાયલોટ પ્રોજેક્ટ વરસાદ રોકાય ત્યારે હાથ ધરવા જણાવ્યું હતું ત્યારે શ્રી શૈલેન્દ્રસિંહ ઉભા થઈ જણાવ્યું કે કન્ટેઈનરો ઉપાડવા નહિ તેવુ કહ્યુ નથી.

મેયરના બચાવમાં સુરેશ મહેતા, પરાગી પંડ્યા તેમજ સંદીપ જ્યોતિકર આવ્યા હતા અને તેમણે સ્વચ્છતા અંગે સૌની સહિયારી જવાબદારી છે આપણે જાગૃત છીએ તેવી રીતે આપણા વોર્ડના રહીશો પણ જાગૃત બને તે આપણે જ જોવુ પડશે.

આજની આ બેઠકમાં રજી ઓગષ્ટની ઉજવણી અને ૧૫મી ઓગષ્ટની ઉજવણીમાં સત્તાધારી પક્ષના સંગઠ્ઠને કાર્યક્રમ હાઈજેક કરી લીધો હોવાનો તથા પ્રોટોકોલનો ભંગ થયાના ગંભીર આક્ષેપો કોંગ્રેસના નેતા શ્રી ચીમન વિંઝુડાએ કર્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે સૌને સાથે રાખવી સારી બાબત છે પણ તેમાં અધિકારીઓને વિમાસણમાં મુકાવવુ પડે તેવી સ્થિતિ સાંખી શકાય નહિ.

શ્રી વિંઝુડાએ આસિ. મ્યુનિ. કમિશ્નરને પણ બે માસનુ વધુ એક્સ્ટેશન આપવાના નિર્ણયનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે કયા રાજકીય દબાણો છે કે આ મુદ્દો વારંવાર સામાન્ય સભામાં લઈ આવવો પડે છે.

આજની આ બેઠકમાં કોંગ્રેસી સભ્યોએ સફાઈ સહિતના પ્રશ્નો અંગે બેનરો બતાવી વિરોધ કર્યો હતો. જો કે ભાજપના સભ્યો આ વિરોધમાં મૌન દેખાયા હતા. આજની આ બેઠકમાં કોર્પોરેશનની વિવિધ સમિતિઓની રચનાના નિયમોના મુસદ્દાને બહાલી અપાઈ હતી. વિપક્ષે નિયમોનો મુસદ્દો નહિ મળ્યાની રજૂઆત કરતાં મેયરે જણાવ્યું કે તમારે પણ રસ દાકવી તેની નકલ મેળવી લેવી જોઈએ.

મેયરે વિપક્ષી સભ્યોને ટપાર્યા

આજે મહાનગરપાલિકાની સામાન્ય સભામાં પ્રોટોકોલનો મુદ્દો વિપક્ષે ઉભો કરતાં મેયરે વિપક્ષ પર વળતો પ્રહાર કરી વિપક્ષી સભ્યોને ટપાર્યા હતા અને જણાવ્યું હતું કે જાહેર ઉજવણી અને રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં વિપક્ષની ગેરહાજરી એ શરમ છે. ૧૫મી ઓગષ્ટની રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં વિપક્ષી નેતા હાજર ન હતા એટલું જ નહિ રજી ઓગષ્ટની ઉજવજીમાં ડાયસ પર કોંગ્રેસનું સ્થાન હતું પરંતુ તમારી ગેરહાજરી હતી એટલે આ યોગ્ય નથી. પ્રોટોકોલ પહેલાં આપણાથી શરૂ થાય છે આપણે તેનું પહેલું પાલન કરીએ. ખોટી સાસુનો રોલ કરવાની જરૂર નથી. તેમણે આ બંને સમારોહ સત્તાધારી પક્ષના સંગઠ્ઠને હાઈજેક કર્યાનો આક્ષેપ સદંતર ખોટો છે.

અમલવારીમાં પણ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરષિદમાં ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાંથી ૩૪૦૦ થી અધિક પ્રતિનિધ ડેલીગેશનોમાં ૧૮૬૦ મહિલા પ્રતિનિધિઓ આવેલા છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ (૧) ગ્રામ વિકાસ સે દેશ વિકાસ ગુજરાત કે અનુભવ, (૨) મિશન મંગલમ્ અંતર્ગત ગ્રામ મહિલાના આર્થિક સશક્તિકરણની સાફલ્યગાથા- અનોખી પહેલ અને (૩) મહિલા સશક્તિકરણ એમ માહિતી ખાતા પ્રકાશિત માહિતીપ્રદ ત્રણ પુસ્તકો અને તેની ઈ-બુક આવૃત્તિઓનું વિમોચન કર્યું હતું. દેશમાં પંચાયતી રાજ અને ગ્રામ વિકાસના ક્ષેત્રમાં અનોખી પહેલ અને ઉત્તમ કાર્યસિદ્ધ મેળવનારા પ્રતિનિધિઓનું સન્માન મુખ્યમંત્રીએ કર્યું હતું. આ ગ્રામ વિકાસ પરિષદમાં લઘુ ગ્રામીણ ભારતનું દર્શન થાય છે એવું ગૌરવપૂર્વક જણાવી સહુ ડેલીગેશનોને આવકારતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, પંચાયતી રાજના ૫૦ વર્ષો ગુજરાતમાં પુરા થયા છે અને દેશમાં બધા રાજ્યોમાં પંચાયતી રાજના માધ્યમથી ગ્રામીણ વિકાસમાં નવી ઉંચાઈઓ કઈ રીતે હાંસલ થાય, ગ્રામીણ ભારતમાં વસતા નાગરિકોનું સર્વાંગી જીવનધોરણ કઈ રીતે ઉંચુ આવે તે માટે ગુજરાતને આંગણે આ પરિષદ નવી દિશા દર્શાવશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. મહાત્મા ગાંધીજીના ગ્રામ સ્વરાજના સપનાની સાર્થકતા વિશે નિર્દેશ કરતાં નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારતમાં ૮૦ કરોડ ગ્રામશક્તિ વિકાસ અને નિર્ણયમાં ભાગીદાર બને તો કેટલું મોટું ગુણાત્મક પરિવર્તન આવી શકે. ભારતના સાત લાખ ગામડામાં વિકાસની ઝંખના અને સપનાં ધબકે છે.

ટુંકી મુદતની જાહેરાત

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની કચેરી માટે કાર્ટીઝ રીફીલીંગ કામગીરી માટેના વાર્ષિક ઈજારદાર નક્કી કરવાના હોઈ રસ ધરાવતી પાર્ટીઓએ સ્પોર્ટસ ઓથો